કે.ડી. NEWS

તારીખ : 14/04/2026

# સાવરકુંડલામાં 'હિન્દવ: સોદરા સર્વે'ના નાદ સાથે ઉમટ્યો જનમેદનીનો સાગર





## ડૉ. આંબેડકર સમરસતા યાત્રાનું ઐતિહાસિક સ્વાગત

સાવરકુંડલા:વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા સમગ્ર ગુજરાત અને સૌરાષ્ટ્રમાં સામાજિક એકતાનો પવન ફૂંકી રહેલી *"ડૉ. ભીમરાવ આંબેડકર સામાજિક સમરસતા યાત્રા"* જ્યારે સાવરકુંડલાના આંગણે પહોંચી, ત્યારે શહેરના રાજમાર્ગો પર માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. *"હિન્દવ: સોદરા સર્વે"* (તમામ હિન્દુઓ સમાન છે, કોઈ પરકું નથી) ના મંત્રને સાર્થક કરતી આ યાત્રાએ નગરના વાતાવરણને ભક્તિ અને રાષ્ટ્રવાદના રંગે રંગી દીધું હતું.આ યાત્રા વિશ્વ હિન્દુ પરિષદના ગુજરાત ક્ષેત્રના સમરસતા પ્રમુખ *શ્રી રસેશભાઈ રાવલ*ના સીધા માર્ગદર્શન અને અધ્યક્ષતા હેઠળ આગળ વધી રહી છે. શ્રી રાવલના તેજસ્વી વક્તવ્ય અને માર્ગદર્શન હેઠળ યાત્રાનો મુખ્ય ઉદ્દેશ્ય જ્ઞાતિ-જાતિના ભેદભાવ દૂર કરી હિન્દુ સમાજને સંગઠિત કરવાનો છે.સાવરકુંડલાના મુખ્ય ચોક અને રાજમાર્ગો પર જ્યારે યાત્રાનો પ્રારંભ થયો ત્યારે ગગનભેદી સૂત્રોચ્ચાર અને ધર્મધજાઓ સાથે નીકળેલી શોભાયાત્રામાં યુવાનો, વડીલો અને માતૃશક્તિ મોટી સંખ્યામાં જોડાયા હતા.આ શોભાયાત્રાના માર્ગમાં ઠેર-ઠેર સામાજિક અને ધાર્મિક સંસ્થાઓ દ્વારા પુષ્પવર્ષા કરી યાત્રાનું ભવ્ય સન્માન કરવામાં આવ્યું હતું.ડૉ. બાબાસાહેબ આંબેડકરજીની પ્રતિમા અને રથને નગરજનોએ ભાવપૂર્વક વંદન કર્યા હતા. "સમાજમાં ઊંચ-નીચના કૃત્રિમ ભેદભાવોને નેસ્તનાબૂદ કરી એકાત્મતાનું નિર્માણ કરવું એ જ આ યાત્રાનું લક્ષ્ય છે. બાબા સાહેબના સમાનતાના સપનાને સાકાર કરવા માટે હિન્દુ સમાજનું સંગઠિત હોવું અનિવાર્ય છે." શ્રી રસેશભાઈ રાવલ* (સમરસતા પ્રમુખ, ગુજરાત ક્ષેત્ર) આ યાત્રાને સફળ બનાવવા માટે વિશ્વ હિન્દુ પરિષદની મજબૂત ટીમ દ્વારા જહેમત ઉઠાવવામાં આવી હતી. આ પ્રસંગે યાત્રા સંયોજક *શ્રી આલકુભાઈ ખુમાણ, જિલ્લા અધ્યક્ષ **શ્રી વિપુલભાઈ પરમાર, અને જિલ્લા ઉપાધ્યક્ષ **શ્રી મગનભાઈ બારૈયા*ની વિશેષ ઉપસ્થિતિ રહી હતી.સાથે જ જિલ્લા સહ મંત્રી *શ્રી વિનોદભાઈ પરમાર, ધર્માચાર્ય સંપર્ક પ્રમુખ **શ્રી સુમિતભાઈ મશરૂ, જિલ્લા સામાજિક સમરસ સંયોજક **શ્રી પ્રીતેશભાઈ* તથા સાવરકુંડલા નગર મંત્રી *શ્રી જતીનભાઈ ઠાકર* સહિતના પદાધિકારીઓએ ખભેખભા મિલાવી યાત્રાનું સુચારુ સંચાલન કર્યું હતું. સ્થાનિક સાધુ-સંતો અને અગ્રણીઓએ પણ ઉપસ્થિત રહી હિન્દુ હિન્દુ ભાઈ ભાઈ જાત પાત કી કરો વિદાઈ ના નારા સાથે સામાજિક સમરસતા ના શપથ લીધા હતા.

**વિશ્વ હિન્દુ પરિષદની સામાજિક એકતાની મશાલ સાવરકુંડલા પહોંચી: પુષ્પવર્ષા અને જયઘોષ સાથે નગરજનોએ વધાવી 'સમરસતા યાત્રા'**

તારીખ : 14/04/2026

# અમદાવાદમાં બોટાદ સંપ્રદાયના પૂ. ગુણવંતીબાઈ મહાસતીજી કાળધર્મ પામ્યા બુધવારે સવારે ૦૯:30 પાલખીયાત્રા



બોટાદ સંપ્રદાયના ગચ્છાધિપતિ પૂ. શૈલેશમુનિ મ.સા. અને પ્રવર્તિની પૂ. સવિતાબાઈ મ.સ. ના પરિવારના મધુરવક્તા પૂ. ગુણવંતીબાઈ મ.સ. ૮૪ વર્ષની વયે ૫૯ વર્ષના દીક્ષા પર્યાય સહિત પૂ. રસીલાબાઈ મ.સ. આદિની વૈયાવચ્ચ પામતાં આજે તા. ૧૪/૦૪/૨૬ના મંગળવારે સાંજે ૫:૧૫ કલાકે સંથારા સહિત માણેક ગુરુ ધર્મસ્થાનક, દેવેન્દ્ર પાર્ક, અમદાવાદ ખાતે ઉપાધ્યાય પૂ. જયેશમુનિ મ.સા. તથા મહાસતીજી વૃંદની નિશ્રામાં અંતિમ નિર્યામણા સહિત કાળધર્મ પામ્યા છે. તા. ૧૫ને બુધવારે સવારે ૯:30 કલાકે પાલખી યાત્રા નીકળશે.બોટાદ - પાળિયાદ ગામે માતા કાંતાબેન અને પિતા ચીમનલાલ પ્રેમચંદ ગોપાણીના ગૃહાંગણે જન્મેલા ગુણવંતીબેને આચાર્ય પૂ. નવીનચંદ્રજી મ.સા. ના હસ્તે પૂ. પારસમૈયાની નિશ્રામાં પૂ. ચંપાબાઈ મ.સ. ની સમીપે તા. ૧૩/03/૧૯૬૭ ના દીક્ષા અંગીકાર કરેલ.એમ્બીવેલીમાં પૂ. શ્રી ધીરગુરુદેવે ગુણાંજલિમાં દીર્ઘ સંયમી મહાસતીજીના સંયમ જીવનની અનુમોદના કરેલ.

તારીખ : 14/04/2026

# ડો.બાબાસાહેબ આંબેડકર ની આજે જન્મ જયંતી

બાબાસાહેબ આંબેડકર (મૂળ નામ: ભીમરાવ રામજી આંબેડકર) (૧૪ એપ્રિલ ૧૮૯૧ – ૬ ડિસેમ્બર ૧૯૫૬) એક કાયદાશાસ્ત્રી, રાજનેતા, તત્ત્વચિંતક, નૃવંશશાસ્ત્રી, ઈતિહાસકાર અને અર્થશાસ્ત્રી તેમજ અનેક વિષયોના જ્ઞાતા હતા. તેઓ ડૉ. બાબાસાહેબ આંબેડકરના નામથી પણ જાણીતા છે. તેમણે ભારતમાં બૌદ્ધ પુનર્જાગરણ આંદોલનની શરૂઆત કરી હતી. ભારતીય બંધારણના ઘડતરમાં તેમના યોગદાનને કારણે તેઓને 'બંધારણના ઘડવૈયા' તરીકે પણ ઓળખવામાં આવે છે. તેઓ ભારતના પ્રથમ કાયદામંત્રી હતા. તેમને ૧૯૯૦માં મરણોપરાંત ભારતના સર્વોચ્ચ નાગરિક પુરસ્કાર ભારત રત્નથી નવાજવામાં આવ્યા હતા.



તારીખ : 14/04/2026

# જયારે બાબા સાહેબ રડી પડ્યા...
# ડૉ.બાબા સાહેબ અને માતા રમાબાઈ



ડૉ. બાબાસાહેબ આંબેડકર ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ ગયા, ત્યારે રમાબાઈએ ઘરની જવાબદારી પોતાના ખભા પર ઉપાડી લીધી હતી. આર્થિક પરિસ્થિતિ એટલી ખરાબ હતી કે ઘણીવાર તેમને છાણાં વીણવા જવું પડતું અને અડધા પેટે ઊંઘવું પડતું. છતાં, તેમણે ક્યારેય બાબાસાહેબને પત્રમાં પોતાની તકલીફ ન જણાવી, કારણ કે તેમને ખબર હતી કે ભીમરાવ આખા સમાજનું ભવિષ્ય ઘડવા માંગે છે.બાબાસાહેબ અને રમાબાઈના પાંચ સંતાનો હતા, જેમાંથી ચાર (રમેશ, ગંગાધર, રાજરત્ન અને ઈન્દુ) ગરીબી અને સારવારના અભાવે તેમની નજર સામે જ દમ તોડી ગયા. એક માતા માટે આનાથી મોટું દુઃખ બીજું શું હોઈ શકે? કહેવાય છે કે જ્યારે નાના રાજરત્નનું અવસાન થયું, ત્યારે બાબાસાહેબ પાસે તેને ઓઢાડવા માટે નવા કપડાના પણ પૈસા નહોતા. ત્યારે રમાબાઈએ પોતાની જૂની સાડીનો ટુકડો ફાડીને વહાલસોયા દીકરાને છેલ્લી વિદાય આપી હતી. આ પથ્થર દિલને પણ ઓગાળી દે તેવો પ્રસંગ હતો.બાબાસાહેબ રમાબાઈને પ્રેમથી *"રામૂ"* કહીને બોલાવતા. જ્યારે રમાબાઈની તબિયત ખૂબ લથડી, ત્યારે બાબાસાહેબ ગમે તેટલા વ્યસ્ત હોય, તેમની પાસે બેસી રહેતા. રમાબાઈ હંમેશા કહેતા,"સાહેબ, તમે મારી ચિંતા ન કરો, તમે બસ તમારા કામ પર ધ્યાન આપો." પોતાની અંતિમ ક્ષણોમાં પણ તેમને પોતાની પીડા કરતા સાહેબના કાર્યની વધુ ચિંતા હતી.૨૭ મે, ૧૯૩૫ના રોજ જ્યારે માતા રમાબાઈએ દુનિયા છોડી, ત્યારે મજબૂત મનોબળ ધરાવતા બાબાસાહેબ નાના બાળકની જેમ રડ્યા હતા. તેમણે તેમનું પુસ્તક *'Thoughts on Pakistan'* માતા રમાબાઈને અર્પણ કર્યું હતું.

જેમાં તેમણે લખ્યું હતું કે, રમાબાઈના સાથ અને ત્યાગ વગર તેઓ ક્યારેય આટલા મોટા કાર્યો ન કરી શક્યા હોત.આ સ્ટોરી આપણને શીખવે છે કે દુનિયા જેને 'બાબાસાહેબ' તરીકે પૂજે છે, તે મહાપુરુષને ઘડવામાં 'માતા રમાબાઈ'ના મૌન આંસુઓ અને અપાર સહનશક્તિનો મોટો ફાળો છે. એક તરફ બાબાસાહેબ કાયદાના રક્ષક બન્યા, તો બીજી તરફ રમાબાઈ ઘર અને બાળકોના બલિદાન આપીને 'ત્યાગની દેવી' બની ગયા.તેમના આ સંઘર્ષને કારણે જ આજે કરોડો લોકોને સન્માનનું જીવન મળ્યું છે. આ માત્ર ઈતિહાસ નથી, પણ લાગણીઓનું એક પવિત્ર શાસ્ત્ર છે.

સંકલન:"મહેશ સાવરિયા"

કે.ડી. NEWS

તારીખ : 14/04/2026

# અકસ્માતમાં જીવ ગુમાવનાર ના પરિવારજનોને પૂજય મોરારીબાપુ દ્વારા સહાયતા રૂપી શ્રદ્ધાંજલિ



તાજેતરમાં આફ્રિકા દેશ કેન્યાના વિવિધ વિસ્તારોમાં અતિવૃષ્ટિના કારણે ગંભીર પૂર પરિસ્થિતિ સર્જાઈ હતી. નાઈરોબી, કિસુમુ કાઉન્ટી તથા તાના નદી આસપાસના વિસ્તારોમાં પૂરથી ભારે નુકસાન થયું હતું અને આશરે 110 જેટલા લોકોના દુઃખદ અવસાન થયાં હતાં. આ દુર્ઘટનાથી પીડિત પરિવારો પ્રત્યે સંવેદના વ્યક્ત કરતાં પૂજય મોરારીબાપુએ મૃત્યુ પામનારના પરિવારજનોને રૂપિયા 15 હજાર લેખે કુલ રૂપિયા 16.50 લાખની સહાયતા અર્પણ કરી છે. આ સહાયતા રકમ કેન્યા સ્થિત રામકથાના શ્રોતાઓ દ્વારા સ્થાનિક ચલણમાં પહોંચાડવામાં આવી છે.ઉત્તર પ્રદેશના મથુરા ખાતે યમુના નદીમાં પ્રવાસીઓની બોટ પલટી જતાં 10 લોકોનાં દુઃખદ અવસાન થયાં હતાં. લખતર-વિરમગામ હાઈવે પર ગત રાત્રે ટ્રકની અથડામણમાં 7 પદયાત્રીઓનાં સ્થળ પર જ મોત નિપજ્યાં હતાં. આ કરુણાંતિકામાં જીવ ગુમાવનારાના પરિવારજનોને પણ પૂજય બાપુ દ્વારા રૂપિયા 15-15 હજાર સહાયતા રક્ત જાહેર કરી છે.

તારીખ : 13/04/2026

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# પ્યોર શીંગતેલમાં બનાવેલા તાજા અથાણા તૈયાર થઈ ગયા છે.

## છાયાબેન પોપટ

: સંપર્ક :

મો. 94294 16106

તારીખ : 14/04/2026

# દામનગરમાં સેવા ગ્રુપ દ્વારા રાહદારીઓ માટે ઠંડા પાણીના પરબનો પ્રારંભ



અમરેલી જિલ્લાના દામનગર શહેરના વિવિધ જાહેર સ્થળોએ સેવા ગ્રુપ દ્વારા ઠંડા પીવાના પાણીના પરબનો શુભારંભ કરવામાં આવ્યો છે. શહેરના નાના—-મોટા તમામ વર્ગના લોકોના આર્થિક સહયોગથી શરૂ થયેલી આ સેવા ઉનાળાની અંગ દઝાડતી ગરમીમાં રાહદારીઓને શીતળતા આપવાનો ઉત્તમ પ્રયાસ કરાયો છે. આ પરબનો પ્રારંભ પ્રસંગે દામનગર શહેરની અનેક સામાજિક, ધાર્મિક અને શૈક્ષણિક સંસ્થાઓના અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા અને સેવા ગ્રુપના યુવાનોની નિષ્ઠાપૂર્વકની નિ:સ્વાર્થ સેવાભાવનાને બિરદાવી હતી. સેવા ગ્રુપની ટીમ દ્વારા શહેરના વિવિધ વિસ્તારોમાં સ્થાપિત કરાયેલા ઠંડા પાણીના પરબ પર નિયમિત અને સતત શુદ્ધ ઠંડું પાણી ઉપલબ્ધ રહે તે માટે સુચારૂ આયોજન કરવામાં આવ્યું છે.

તારીખ : 14/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




ભારતીય
બંધારણના ઘડવૈયા

## બાબા સાહેબ આંબેડકર

ની જન્મજયંતિ
પર આપ સૌને
હાર્દિક શુભેચ્છા.

**મહેશકુમાર દાનજીભાઈ બગડા (SBI)**
**યજ્ઞાબેન મહેશકુમાર બગડા (મ. શિ. હાઈસ્કૂલ )**
**તથા બગડા પરિવાર**

કે.ડી. NEWS

તારીખ : 14/04/2026

# સાવરકુંડલા દરબાર શ્રી પીઠા બાપુ વાજ સુરભાઈ ખુમાણ વિદ્યાર્થી ભવન ખાતે યોજાયેલ લાઈબ્રેરી હોલ શુભારંભ તેમજ પ્રથમ બેચ ના વિદ્યાર્થી સત્કાર સમારંભ સંતો અને રાજકીય મહાનુભાવોની ઉપસ્થિતિમાં યોજાયો










સાવરકુંડલા કાઠી વિદ્યાર્થી ભવન ખાતે લાઈબ્રેરી હોલ નો શુભારંભ તેમજ પ્રથમ બેચના વિદ્યાર્થીઓનો સત્કાર સમારંભ શ્રી 1008 મહામંડલેશ્વર શ્રી નિર્મળાબા ના અધ્યક્ષ સ્થાને યોજાયો હતો જેમાં શ્રી 1008 નિર્મળાબા તેમજ પૂજ્ય શેરનાથ બાપુ અને વલકુ બાપુના વરદ હસ્તે લાઈબ્રેરી હોલ ખુલ્લો મુકવામાં આવ્યો હતો આ પ્રસંગે મહામંડલેશ્વર શ્રી કનીરામ બાપુ સહિતના સંતો દ્વારા ખુલ્લો મુકવામાં આવ્યો હતો બાઢડા થી ઉપસ્થિત પૂજ્ય જ્યોતિ મૈયા શિવ દરબાર આશ્રમ કાના તળાવથી પૂજ્ય ઉષા મૈયા માનવ મંદિરના શ્રી ભક્તિ બાપુ પાળીયાદ થી ભયલુ બાપુ સહિતના સંતો તેમજ રાજ્ય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરીયા અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા સાવરકુંડલા ધારાસભ્ય મહેશભાઈ કસવાળા પૂર્વ ધારાસભ્ય પ્રતાપભાઈ દુધાત પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા એપીએમસી ચેરમેન દીપકભાઈ માલાણી ગોંડલ ધારાસભ્ય ગીતાબેન જાડેજા સહિતના રાજકીય મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા અને તેમનું ગરીમા ભેર સ્વાગત કરાયું હતું આ કાર્યક્રમમાં કાઠી ક્ષત્રિય સમાજના અનેક મહાનુભાવો ની ઉપસ્થિતિ માં યોજાયો હતો. મહાનુભાવો ના વરદ હસ્તે દાતાઓ તેમજ વિદ્યાર્થીઓનું સન્માન સાવરકુંડલા કાઠી વિધાર્થી ભવન પ્રમુખ અશોકભાઈ ખુમાણ તથા સમગ્ર ટીમ દ્વારા કરાયું હતું.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 13/04/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# લીલી જુવાર ઉભી વેચવાની છે.

## ૧૨ વીઘા ની જુવાર, બાઢડા ગામમાં કુલ હાઇટવાળી લીલી જુવાર વેચવાની છે.

: સંપર્ક :
દીપકભાઇ રાદડીયા
મો. 94292 21415

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/04/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



તારીખ : 14/04/2026

# ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસે..



ભારતના રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુજી ત્રણ દિવસીય ગુજરાત પ્રવાસ અંતર્ગત અમદાવાદ એરપોર્ટ પર પધાર્યાં હતા. ત્યારે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ અને નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ તેમનું ઉષ્માસભર સ્વાગત કર્યું હતું.રાજકોટ A I I M S ના પ્રથમ પદવીદાન સમારોહમાં હાજરી આપી હતી.રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ 13 એપ્રિલે રાજકોટ સ્થિત A I I M S ના પ્રથમ પદવીદાન સમારોહમાં હાજરી આપી હતી. તેમજ વિદ્યાર્થીઓને ડિગ્રી પ્રદાન કરી હતી રાજકોટ A I I M S રાષ્ટ્રીય સંસ્થાનો આ પ્રથમ દીક્ષાંત સમારોહ છે.જ્યારે 14 એપ્રિલે રાષ્ટ્રપતિ અમદાવાદ ખાતે લોક ભવનમાં આયોજિત વિવિધ કાર્યક્રમોમાં હાજરી આપી હતી અહીં તેઓ 'સામાજિક સમરસતા મહોત્સવ'માં ઉપસ્થિત રહી સમાજમાં એકતા, સમાનતા અને ભાઈચારા જેવા મૂલ્યોને પ્રોત્સાહન આપ્યું હતું. આ ઉપરાંત તેઓ રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીની પણ મુલાકાત લેશે અને ત્યાં યોજાનાર પાંચમા પદવીદાન સમારોહમાં પણ હાજર રહેશે.

# વાંકા-ચુકા દાંતની સારવારનાં નિષ્ણાંત

## અમરેલી જિલ્લાનાં એકમાત્ર M.D.S.

# ડો. દેવાંગ બી. પંડયા

B.D.S., M.D.S.(orthodontics)
Double-Slot System (Brazil)



દાંત, મોં તથા જડબાને લગતાં તમામ રોગોની સારવાર માટેની એકમાત્ર હોસ્પિટલ

# દેવ ડેન્ટલ કિલનીક & ઇમ્પ્લાન્ટ સેન્ટર

સમય : સવારે ૯ થી ૧ / સાંજે ૪ થી ૮

સ્થળ : ઇન્દુ પ્લાઝા કોમ્પ્લેક્ષ, મણીભાઇ ચોક, સાવરકુંડલા. મો. ૭૭૭૭૯ ૧૧૦૦૭

# નુર ઓટો કન્સલ્ટન્સ & ટુર્સ ટ્રાવેલ્સ

## નવી બ્રાન્ડ અર્ટીગા કાર ભાડે મેળવવા માટે તથા દરેક પ્રકારના ના સેકન્ડ હેન્ડ બાઈક લેવા તથા વેચવા માટે

: સંપર્ક :
ઈમ્તિયાઝ કાલવા 98988 43146

મહુવા રોડ, રજવાડી પાઉંભાજી સામે, વિશ્વકર્મા ફર્નિચરની બાજુમાં, સા.કું.

તમારી સુવિધા, અમારી જવાબદારી!

વિશ્વસનીય * સસ્તુ * ત્વરિત સેવા

તારીખ : 14/04/2026

# વિદ્યાસભા સ્કૂલમાં 21 દિવસીય મહાયજ્ઞનું આયોજન



અમરેલીની અગ્રણી શૈક્ષણિક સંસ્થા શાંતાબેન હરિભાઈ ગજેરા કેમ્પસ-વિદ્યાસભા ખાતે ભારતીય વૈદિક સંસ્કૃતિના સંવર્ધન અને વિદ્યાર્થીઓમાં સંસ્કારસભર જીવનમૂલ્યોના વિકાસના હેતુસર 21 દિવસીય વૈદિક મહાયજ્ઞનું આયોજન કરવામાં આવ્યું છે. આ મહાયજ્ઞ દરમિયાન દરરોજ વિવિધ ક્ષેત્રના અગ્રણીઓ મોટી સંખ્યામાં હાજર રહીવિદ્યાર્થીઓને માર્ગદર્શન આપે છે. 21 દિવસીય આ મહાયજ્ઞના 20મા દિવસે ખોડલધામ કમિટી અને આ ખોડલધામ મહિલા સમિતિના સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. સંસ્થાના કેમ્પસ ડાયરેક્ટર વસંતભાઈ પેથાણીએ જણાવ્યું હતું કે યજ્ઞ દરમિયાન હનુમાનજી રક્ષા કવચ મંત્રના જપ સાથે 108 આહુતિઓ અર્પણ કરવામાં આવી હતી, જેના કારણે સમગ્ર વાતાવરણમાં આધ્યાત્મિકતા, શાંતિ અને સકારાત્મક ઉર્જાનો અનોખો માહોલ સર્જાયો હતો.ઉપસ્થિત ખોડલધામ કમિટી તથા મહિલા સમિતિના આગેવાનોએ જણાવ્યું હતું કેસંસ્થાના પ્રમુખ વસંતભાઈ ગજેરાના માર્ગદર્શન હેઠળ ચાલી રહેલી આ પહેલ વિદ્યાર્થીઓમાં નિયમિતતા, શિસ્ત, માતા-પિતા અને વડીલો પ્રત્યે આદરભાવ, સંયમ તથા ઉચ્ચ જીવનમૂલ્યોના વિકાસ માટેખૂબ મહત્વપૂર્ણ છે.સાથે સાથે કરાટે રમતગમતમાં ઉત્તમ પ્રદર્શન કરનાર વિદ્યાર્થીઓને અમરેલી જિલ્લા ખોડલધામ કમિટી અને ખોડલધામ મહિલા સમિતિ દ્વારા પ્રોત્સાહિત કરવામાં આવ્યા હતા.

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/04/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/04/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...



# નારોલા લાઈવ કેક શોપ

મહુવારોડ, સાવરકુંડલા મો. 88667 59838

એનિવર્સરી કેક - બેબીશાવર કેક - સગાઈ કેક
ફોન્ડન્ટ કેક - મેક અપ કીટ કેક - ફોટો કેક

## અઢળક કેકની વેરાયટીઓ

લાઈવ કેક માટે મુલાકાત લ્યો



## New collection

મેરેજ બોક્સ - ડ્રાયફ્રુટ બોક્સ
તેમજ રમકડાં ની અવનવી વેરાયટી

બર્થ ડેડેકોરેશન બેબી શાવર ડેકોરેશ ની તમામ આઈટમ મળશે..

તમને મળશે બધાથી અલગ
અને તે પણ આપના બજેટમાં

સાવરકુંડલામાં કેક તેમજ ડેકોરેશનનું
એકમાત્ર વિશ્વાસ પાત્ર સ્થળ

અર્જન્ટ કેક બનાવી આપવામાં આવશે.



## ગુજરાત સરકારની અકસ્માત વિમા યોજના

**અકસ્માતના પ્રથમ 48 કલાક દરમિયાન ઓપરેશન જેવા કે બાઈક એકસીડન્ટ, બાઈક સ્લીપ થવી, ગાડી દ્વારા અકસ્માત થવો જેવા કોઈપણ રોડની અંદર થતા એકસીડન્ટ**

## મફતમાં કરી આપવામાં આવશે.

# શિવમ

## ઓર્થોપેડીક એન્ડ ગાયનેક હોસ્પિટલ

**૨૪ કલાક ઈમરજન્સી સારવાર**

ડોકટર હાઉસ, રામદર્શન કોમ્પ્લેક્ષ, કે.કે. હોસ્પિટલ સામે, સાવરકુંડલા.
ફોન : ૦૨૮૪૫ - ૨૩૫૫૦૪, મો. ૯૮૭૯૭ ૩૪૮૧૧

## ઉપલબ્ધ સુવિધાઓ

### ડૉ. ચિરાગ પરમાર

M.S. (Ortho.)

(ભૂતપૂર્વ ઓર્થો. સર્જન, ઈરવીન હોસ્પિટલ, જામનગર)

**આધુનિક ઓર્થોપેડીક સેન્ટર કે જ્યાં**

* અત્યાધુનિક ટ્રોમા કેર સેન્ટર જેમાં...
* અત્યાધુનિક ઓપરેશન થિએટર IITV સાથે
* દરેક પ્રકારના ફ્રેકચર અને અકસ્માત કેસની સારવાર
* ક્લોઝ નેઈલીંગ સેન્ટર (Nailing)
* ઓપન ઈન્જરી (ખુલ્લા ઘા ની સારવાર)
* સાંધા બદલવાની શસ્ત્રક્રિયા
* દરેક પ્રકારના હાડકાને લગતા રોગો જેવા કે
* સાંધાનો દુ:ખાવો, સ્નાયુનો દુ:ખાવો, વા, સંધિવા
* બાળકોમાં થતી જન્મજાત ખોડખાંપણ
* સેરેબ્રલ પાલ્સી તથા મણકા (Spine) ના રોગોનું નિદાન તથા સારવાર
* એક્સ-રે સુવિધા - મેડીકલ સુવિધા ઉપલબ્ધ
* MLC (પોલીસ કેસ લેવામાં આવશે.)

### ડૉ. વૈભવી પરમાર

M.S. (ગાયનેક)સ્ત્રીરોગ અને પ્રસુતિના નિષ્ણાંત

(ભૂતપૂર્વ ગાયનેકોલોજીસ્ટ : સિવિલ હોસ્પિટલ, અમદાવાદ)

**આધુનિક ગાયનેક સેન્ટર કે જ્યાં**

* ૨૭ કલાક સોનોગ્રાફી થા ઈમરજન્સી સુવિધા ઉપલબ્ધ.
* TAS/TVS સોનોગ્રાફી સુવિધા ઉપલબ્ધ.
* સ્રીરોગ નિદાન અને સારવાર.
* અત્યાધુનિક પ્રસુતિગૃહ.
* જોખમી પ્રસુતિ માટે સવિશેષ સુવિધા.
* કુટુંબ નિયોજન કેન્દ્ર.
* વ્યંધત્વ નિવારણ કેન્દ્ર (Infertility Clinic) તેમજ કૃત્રિમ વિર્યદાન (Intera Uterine Insemination)સુવિધા ઉપલબ્ધ.
* ગર્ભાશયની કોથળી કાઢવાનું ટાંકાવાળુ તથા ટાંકા વગરનું ઓપરેશનની સુવિધા.
* કેન્સર નિદાન * ગુપ્તરોગ (સ્ત્રી/પુરૂષ) નિદાન અને સારવાર
* એપોઈન્ટમેન્ટ અગાઉથી લઈ લેવી.

તારીખ : 14/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


આકર્ષક વેરાયટી




અવનવી ડીઝાઈન

# લગ્નકંકોત્રી

ઓફસેટ પ્રિન્ટીંગ | સ્ક્રીન પ્રિન્ટીંગ | સ્ટીકર પ્રિન્ટીંગ

ચોપાનીયા | વિઝીટીંગ કાર્ડ | ઈન્વીટેશન કાર્ડ

બીલબુક | લેટરપેડ | ડોકટર ફાઈલ

પેસ્ટીંગ + ફ્રેમીંગ સાથે

# બેનર

ફલેક્ષ બેનર | હોર્ડીંગ્સ | વિનાઈલ પ્રિન્ટીંગ | રીક્ષા પોસ્ટર



દરેક સાઈઝની

## નોન વુવન બેગ

વ્યાજબી ભાવે પ્રિન્ટીંગ



પ્રકાશ પ્રિન્ટર્સ™

રાજ દરબારગઢ, સાવરકુંડલા

મો. 94277 42117

તારીખ : 14/04/2026

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યૂઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યૂઝ...






ના પ્લેટફોર્મ પર
જ્યાં રિલ્સ નહીં
બ્રાન્ડ બને છે...
અને આપે છે
વ્યુઝની ગેરંટી અને
સફળતાનો ભરોસો
Reactions and plays
1,526 1,23,873
Reactions and plays
1,573 1,22,466
Reactions and plays
821 1,03,175
Vishwa karma Industrials
Reactions and plays
887 1,01,645
વિશ્વાસ અને પ્રેમનું
બીજું નામ
Reactions and plays
634 94,382
Reactions and plays
1,149 99,012
આજે જ સંપર્ક કરો
વિડીયો રિલ્સ બનાવવા તેમજ માર્કેટિંગ માટે
9724661561

તારીખ : 14/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# ગુરૂદેવ કહે છે...

"ગુણશોધક દૃષ્ટિ એ ઊકળતા દૂધ જેવી છે કે જેમાંથી સદ્ગુણોના માવાનું સર્જન થતું જ રહે છે જ્યારે દોષશોધક દૃષ્ટિ એ ઊછળતા દૂધ જેવી છે કે જેનો ઊભરો હાથને દઝાડયા વિના નથી રહેતો."




આચાર્ય વિજય રત્નસુંદર સુરિશ્વરજી મહારાજ



નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/04/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

Shree Shivkrupanand Swami
**Year2026**

Gurutattva®

**3362**
**14/04/2026**
**Tuesday**

## आत्मा

स्कुल जाने तक "बच्चा" अपने पुर्व जन्म के साथ जुडा रहता है। बाद मे धिरे धिरे भुल जाता है।

बाबास्वामी
14/4/2026



'Nijdham', Dhyanasthali Gandhinagar, Mahudi Anodiya Road,
Mahudi - 382855, Gandhinagar, Gujarat, India.
**Email :** swamiji.office@gurutattva.org,
**Telegram : t.me/ShreeShivkrupanandSwami** **Whatsapp : Shivkrupanand Swami**

તારીખ : 14/04/2026

# કે.ડી. NEWS

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...




ચિન્ટુ: ભાઈ-, મારુ હોમવર્ક કરી આપો.
મોટો ભાઈ- : ના, અત્યારે માથું ખંજવાળવાનો પણ ટાઈમ નથી.
ચિન્ટુ : લાવો, હું તમારું માથુ ખંજવાળું તમે મારું હોમવર્ક કરી આપો.

નો નેગેટીવ ન્યુઝ
કે.ડી. NEWS
તારીખ : 14/04/2026
SINCE 1923 KD NEWS PAPER
Join us on :
કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# 14 એપ્રિલ
# મહત્વની ઘટનાઓ

૧૬૯૯ – ખાલસા (Khalsa): ખાલસા પંથનો જન્મ, (શીખ ધર્મમાં ભાઈચારો), નાનકશાહી પંચાંગ પ્રમાણે (Nanakshahi calendar).

૧૮૨૮ – 'નોહ વેબસ્ટરે' પોતાના પ્રથમ અંગ્રેજી શબ્દકોષનાં સર્વહક્ક(કોપીરાઈટ) નોંધાવ્યા. (જે હજુ"વેબસ્ટરર્સ ડિક્શનરી"થી પ્રખ્યાત છે.)

૧૮૬૦ – પ્રથમ 'પોની એક્સપ્રેસ' (Pony Express) સવાર 'સેક્રેમેન્ટો','કેલિફોર્નિયા' પહોંચ્યો.(અમેરિકાની આ શરૂઆતી ટપાલ સેવા હતી જેમાં ટટ્ટુ,નાનો અશ્વ,સવાર દ્વારા પત્રો મોકલાતા).

૧૮૬૫ – અમેરિકાનાં પ્રમુખ 'અબ્રાહમ લિંકન'ની,ફોર્ડ થિએટરમાં,'જોહન વિલ્ક્સ બૂથ' દ્વારા ગોળી મારી હત્યા કરાઈ.

૧૮૯૪ – થોમસ આલ્વા એડિસને 'કાઈનેટોસ્કોપ' (kinetoscope)નું નિદર્શન કર્યું, જેમાં એક નાનાં કાણા મારફત ચિત્રોની હારમાળા પ્રદર્શિત કરી હલનચલનનો આભાસ ઉત્પન કરાતો હતો.આ સાધન ચલચિત્રનું પુર્વજ ગણાયું.

૧૯૧૨ – બ્રિટિશ યાત્રી જહાજ 'ટાઈટેનિક',ઉત્તર એટલાન્ટીક મહાસાગરમાં,રાત્રે ૧૧:૩૫ વાગ્યે બરફની શિલા સાથે ટકરાયું અને સવાર પડતામાં ડુબ્યું,જેમાં ૧,૫૧૭ લોકોની જાનહાની થઈ.

૧૯૪૪ – મુંબઈ વિસ્ફોટ (૧૯૪૪) (Bombay Explosion (1944)): મુંબઈનાં બંદરમાં ભયાનક વિસ્ફોટને કારણે 300 લોકો માર્યા ગયા અને લગભગ ૨ કરોડ પાઉન્ડ (હાલના આશરે ૧.૫ અબજ રૂપિયા)નું આર્થિક નુકશાન થયું.

૧૯૫૬ – શિકાગો,અમેરિકામાં, પ્રથમ 'વિડિયોટેપ'નું નિદર્શન કરાયું.

૧૯૮૬ – બાંગ્લાદેશનાં ગોપાલગંજ જિલ્લામાં ૧ કિ.ગ્રા. વજનના કરા (hailstone) પડ્યા,જેનાથી ૯૨ લોકોનાં મૃત્યુ થયા. આ અત્યાર સુધીમાં નોંધાયેલ સૌથી મોટા કરા છે.

૨003 – માનવ રંગસુત્રિય પરિયોજના (Human Genome Project) પૂર્ણ કરાઈ.જેમાં ૯૯% માનવ રંગસુત્રો (genome)ને, ૯૯.૯૯% ચોક્કસતા સાથે ચોક્કસ ક્રમાંકમાં ઓળખી કાઢવામાં આવ્યા.

**જન્મ**

૧૮૯૧ – ડૉ. બી. આર. આંબેડકર, ભારતીય અર્થશાસ્ત્રી, ન્યાયશાસ્ત્રી અને રાજકારણી, પ્રથમ ભારતીય કાયદા અને ન્યાય મંત્રી બંધારણનાં ઘડવૈયા. (અ. ૧૯૫૬)

૧૯૧૯ – કે. સરસ્વતી અમ્મા, મલયાલમ ભાષાના નારીવાદી લેખિકા. (અ. ૧૯૭૫)

૧૯૧૯ – શમશાદ બેગમ, ભારતીય ગાયિકા, હિન્દી ફિલ્મોના પ્રારંભિક પાર્શ્વગાયકો પૈકીના એક. (અ. ૨013)

**અવસાન**

૧૯૫૦ – રમણ મહર્ષિ, તત્વચિંતક. (જ. ૧૮૭૯).

૧૯૬૨ – એમ. વિશ્વેશ્વરૈયા, ભારતીય ઈજનેર, રાજનેતા અને મૈસૂરના ૧૯મા દિવાન. (જ. ૧૮૬૦)

૧૯૬૩ – રાહુલ સાંકૃત્યાયન, ભારતીય ભાષાવિદ્ અને સાહિત્યકાર. (જ. ૧૮૯૩)

તારીખ : 14/04/2026

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...


# વ્યાપારી માટે



# હોલસેલ ભાવે

## નાની-મોટી


# ચીઠ્ઠી બુક

# વિદ્યાર્થીઓ માટે

# રફ ચોપડા

તેમજ

લખવા માટેની **કોરી પસ્તી**



SINCE 1923 KD NEWS PAPER

# દોશી કાંતિલાલ દલીચંદ

દરબાર ગઢ સ્ટ્રીટ, સાવરકુંડલા 9499797973

કે.ડી. NEWS
SINCE 1923 KD NEWS PAPER
તારીખ : 14/04/2026

નો નેગેટીવ ન્યુઝ

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# શુ તમારે દરરોજ ફ્રેશ પસ્તીનો વપરાશ છે?

## કેરી, ફરસાણની દુકાન, રેસ્ટોરેન્ટ તેમજ કરીયાણાની દુકાનના વ્યાપારીઓ માટે ખાસ



# ફ્રેશ પસ્તી




## સાવરકુંડલા માટે ફ્રી ડીલેવરી

* મીનીમમ ઓર્ડર 20 કીલો.

ઓર્ડર માટે કોલ કરો

# 94997 97973

વોટ્સઅપથી ઓર્ડર માટે
CLICK HEAR

નો નેગેટીવ ન્યુઝ

# કે.ડી. NEWS

તારીખ : 14/04/2026

SINCE 1923 KD NEWS PAPER

Join us on :

કે.ડી. ન્યુઝ વોટ્સએપમાં મેળવવા મો. 94997 97973 માં આપનું નામ લખી મોકલો અને દરરોજ મેળવો કે.ડી.ન્યુઝ...

# કષ્ટભંજન દેવ હનુમાનજી મહારાજના સાળંગપુરના આજના દર્શન



# કે.ડી NEWS

## આપની બ્રાન્ડ નું માર્કેટિંગ કરો

# કે.ડી ન્યૂઝ સાથે...




54K 48K 28K 100K

**સંપર્ક : મો. 94997 97973**